# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-06-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1. રાજ્યની ગ્રામપંચાયતોની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે સંપન્નઃ અનેક જિલ્લાઓમાં 70 ટકાથી વધુ મતદાન
2. કડી અને વિસાવદર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીનું આવતી કાલે પરિણામ
3. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પોલિસી-૨૦૨૫ જાહેર કરી
4. અમદાવાદમાં નીકળનારી ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં એઆઇ આધારિત પ્રણાલિનો ઉપયોગ કરવામાં આવશે
5. રાજ્યમાં વરસાદી માહોલઃ 147 તાલુકામાં પાંચ ઇંચ સુધી વરસાદ નોંધાયોઃ સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી

--------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# GRAM PANCHAYAT ELECTION

રાજ્યમાં આજે ગ્રામ પંચાયતોની સામાન્ય અને પેટા-ચૂંટણી માટે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન સંપન્ન થયું. રાજ્યની 8 હજારથી વધુ ગ્રામ પંચાયતોમાં 3 હજાર 656 સરપંચની જગ્યાઓ અને 16 હજાર 224 સભ્ય બેઠકો માટે મતદાન યોજાયું. આ મતદાન માટે 81 લાખ મતદારો નોંધાયા હતા. રાજ્યના અનેક જિલ્લાઓમાં સાંજે પાંચ વાગ્યા સુધી 70 ટકાથી વધુ મતદાન નોંધાયું હતું.

રાજ્યનાં અનેક જિલ્લાઓમાં વરસાદનાં માહોલમાં લોકોએ ઉત્સાહભેર મતદાન કર્યું હતું. સવારથી જ લોકો મોટી સંખ્યામાં મતદાન માટે ઉમટી પડ્યા હતા. મોરબી જિલ્લામાં 40 ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે 73 ટકા, મહેસાણા જિલ્લાની 230 ગ્રામ પંચાયતો માટે 71 ટકા, આણંદ અને કચ્છમાં સરેરાશ 70 ટકા મતદાન નોંધાયું હતું. કચ્છ જિલ્લાની 129 ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાઈ હતી.

મહીસાગર જિલ્લાના 6 તાલુકાના 253 બુથ પર મતદાન પ્રક્રિયા સમાપ્ત થઈ. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં 15 જેટલી ગ્રામ પંચાયતો સમરસ થઇ છે, ત્યારે બાકીની 69 ગ્રામ પંચાયતો માટે મતદાન થયું.

કચ્છના સાંસદ વિનોદ ચાવડાએ નખત્રાણાના સુખપર ખાતે મતદાન કર્યું. બનાસકાંઠામાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન 80 ટકા નોંધાયું. સાંસદ ગેનીબેન ઠાકોરે પોતાના વતન ભાભર તાલુકાના અબાસણા ખાતે મતદાન કર્યું હતું. અરવલ્લી જિલ્લામાં રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક

પુરવઠા મંત્રી ભિખુસિંહ પરમારે તેમના વતન ચારણવાડા ગામે મતદાન કર્યું.

વધુ માહિતી આપે છે અરવલ્લી જિલ્લાના અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ

**(VOICE CAST ANKIT CHAUHAN)**

ગીર સોમનાથ જિલ્લામાં વાદળછાયા વાતાવરણમાં છ તાલુકાની ૬૩ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે મતદાન થયું. જામનગર જિલ્લામાં 187 ગ્રામ પંચાયતો અને જૂનાગઢ જિલ્લાની 73 ગ્રામ પંચાયતો માટે ચૂંટણી યોજાઈ. ડાંગ જિલ્લામાં અગાઉ ૧૬ ગ્રામ પંચાયતો બિનહરીફ થતાં આજે કુલ ૪૨ ગ્રામ પંચાયતમાં ૩૭ સરપંચ અને ૨૩૪ વોર્ડ સભ્યોની ચૂંટણી યોજાઇ હતી.

વધુ માહિતી આપે છે ડાંગ જિલ્લાના અમારા પ્રતિનિધી મુનીરા શેખ.

**(VOICE CAST MUNIRA SHEKH)**

ભરૂચ જિલ્લાના ઝાડેશ્વર ગામના યુવકને અકસ્માત થતા પગમાં ફ્રેક્ચર થયું હોવા છતાં લોકશાહીના અવસરમાં ભાગીદાર થવા મતદાન કર્યું હતું.

રાજ્યની કુલ 751 ગ્રામ પંચાયતો સમરસ થઈ છે. 25 જૂનના રોજ મતગણતરી હાથ ધરાશે.

. . . . . . . . . . .

# ASSEMBLY BYE ELECTION RESULTS

કડી અને વિસાવદર વિધાનસભા બેઠકોની 19મી જૂને યોજાયેલી પેટાચૂંટણીની મતગણતરી આવતી કાલે હાથ ધરવામાં આવશે. વિસાવદર વિધાનસભા મતદાર વિભાગની મતગણતરી જૂનાગઢની કૃષિ ઇજનેરી અને ટેકનોલોજી કોલેજ ખાતે થશે.

કડી વિધાનસભા મતવિસ્તારની મતગણતરી મહેસાણાના મેવડ સ્થિત ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી એન્ડ રિસર્ચ ખાતે થશે. પ્રથમ પોસ્ટલ બેલેટની ગણતરી થશે. મતગણતરી માટે ૬૦ જેટલા કર્મચારીઓ ફરજ બજાવશે. કુલ ૨૧ રાઉન્ડમાં મતગણતરી થશે અને સમગ્ર પ્રક્રિયાનું સી.સી.ટી.વી. દ્વારા મોનીટરીંગ થશે.

ઉલ્લેખનીય છે કે, વિસાવદર બેઠક માટે અંદાજિત 56.89 ટકા અને કડી બેઠક પર 57.90 % મતદાન નોંધાયું હતું.

માલિડા અને નવા વધાણીયા મતદાન મથક પર ગઈ કાલે પુનઃ મતદાન થયું હતું.

. . . . . . . . . . .

# ELE COMPONENT MFG POLICY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ પોલિસી-૨૦૨૫ જાહેર કરી છે. આ પોલિસીને કારણે કેન્દ્રનાં ઇલેક્ટ્રોનિક અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય દ્વારા મંજૂરી અને સહાય

પ્રાપ્ત એકમોને ગુજરાતમાં પણ કેન્દ્રીય ધોરણે ૧૦૦ ટકા સહાય પ્રોત્સાહન મળશે.

આ પોલિસી દ્વારા રાજ્યમાં ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સેક્ટરમાં 35 હજાર કરોડ રૂપિયાથી વધુના નવા રોકાણો આવવાનું અને ઉચ્ચ કુશળતા ધરાવતા લોકોને મોટા પાયે રોજગારી મળવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

આ નવી નીતિ હેઠળ લાભ મેળવતા એકમોને ગુજરાત ઇલેક્ટ્રોનિક્સ નીતિ 2022-28નો લાભ મળશે નહિ. પોલિસીને પરિણામે રાજ્યમાં મલ્ટી લેયર અને HDI પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ, લિથિયમ આયન સેલ, SMD, પેસિવ કમ્પોનન્ટ્સ, ડિસ્પ્લે અને કેમેરા મોડ્યુલ્સ, ઈલેટ્રોનિક્સ પાર્ટસ તેમજ તેના ઉત્પાદન માટે જરૂરી વિશેષ મશીનરી સહિત આવશ્યક ઉદ્યોગો - એકમોને રાજ્યમાં રોકાણ માટે પ્રોત્સાહન મળશે.

આ પોલિસીનો લાભ લેવા માટે 31 જુલાઈ સુધીમાં અરજી કરવાની રહેશે.

. . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# RATH YATRA POLICE COMMISSIONER

27મી જૂને અમદાવાદમાં ભગવાન જગન્નાથની 148મી રથયાત્રાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. અમદાવાદ શહેર પોલીસ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવશે.

આજે શહેરના પોલીસ કમિશનર જી.એસ.મલિકે જગન્નાથ મંદિરની મુલાકાત લીધી હતી રથયાત્રાના રૂટનું નિરીક્ષણ કર્યું હતું.

પોલિસ કમિશનર શ્રી મલિકે જણાવ્યું કે રથયાત્રા દરમિયાન AI આધારિત પ્રણાલીનો ઉપયોગ કરવામાં આવશે.

તેમણે સલામતી વ્યવસ્થા અંગેની વધુ માહિતી આપી....

(BYTE - G S MALIK COMMISSIONER)

. . . . . . . . . . .

# RAIN AND WEATHER FORCAST

રાજ્યનાં મોટા ભાગનાં જિલ્લાઓમાં છેલ્લાં બે દિવસથી ચોમાસાનો માહોલ છે. આજે સવારે છથી સાંજનાં છ વાગ્યા દરમિયાન 147 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે.

સૌથી વધુ પાંચ ઇંચ વરસાદ બનાસકાંઠાના અમીરગઢ તાલુકામાં પડ્યો છે. જ્યારે જામનગરનાં કાલાવડ તાલુકામાં સાડા ચાર ઇંચ વરસાદ પડ્યો છે. છેલ્લાં 24 કલાકમાં સૌથી વધુ 12 ઇંચ વરસાદ સાબરકાંઠાના વડાલીમાં અને 10 ઇંચ વરસાદ ખેડબ્રહ્મામાં નોંધાયો છે.

રાજ્યમાં આજે સવાર સુધી મોસમના સરેરાશ વરસાદની સામે 16 ટકા વરસાદ વરસ્યો છે. સૌથી વધુ 20.51 ટકા વરસાદ સૌરાષ્ટ્ર વિસ્તારમાં નોંધાયો છે, જ્યારે કચ્છમાં 17.67 ટકા વરસાદ પડ્યો છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાનો 50 ટકા ભરાયો.

અત્યારની સ્થિતિએ 14 ડેમ હાઇ એલર્ટ પર અને નવ ડેમ એલર્ટ પર છે. આઠ ડેમ સંપૂર્ણ ભરાઈ ગયા છે, જ્યારે 26 ડેમ 70થી 100 ટકા વચ્ચે ભરાયા છે. અત્યાર સુધી રાજ્યમાં બે હજાર 639 લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે, જ્યારે એનડીઆરએફની 13 અને એસડીઆરએફની 20 ટીમ ગોઠવવામાં આવી છે.

હવામાન વિભાગે આગામી સાત દિવસ માટે રાજ્યમાં વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું કે, ખાસ કરીને સૌરાષ્ટ્રમાં પોરબંદર, જામનગર, જૂનાગઢ અને દ્વારકા અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે.

(BYTE – PRADEEP SHARMA)

હવામાન વિભાગે દ્વારકા, પોરબંદર, રાજકોટ, જામનગર, નવસારી, વલસાડ, દાદરા અને દમણ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે કચ્છ માટે આજે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આગામી 3 દિવસ માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.